# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 3 •• June, 2004



F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


## હે લોકતંત્રના રાજાઓ, તમે સાંભળો છો?

એક કબ્રસ્તાનમાં એક સ્ત્રી જોરશોરથી રડી રહી હતી.

ત્યાંથી ખ્યાતનામ ચિંતક કન્ફ્યુશિયસ પસાર થઈ રહ્યા હતા. એમના પગ થંભી ગયા.

'બહેન તું શા માટે આમ જોરશોરથી રડે છે?' કન્ફ્યુશિયસે આશ્વાસન આપતાં પૂછ્યું.

સ્ત્રી કહે : 'શું કરું? મારું તો બધું લૂંટાઈ ગયું.'

'કેવી રીતે?'

'આ જુઓ ને, મારા દીકરાને વાઘે ફાડી ખાધો, મારા પતિને પણ થોડા સમય અગાઉ વાઘે મારી નાખ્યો હતો, થોડા મહિના પહેલાં મારા સસરાને પણ વાઘે જ ફાડી ખાધો હતો. અરે રે, હું તો સાવ લૂંટાઈ ગઈ.'

'તો પછી તું બીજા સલામત પ્રદેશમાં રહેવા કેમ નથી ચાલી જતી? તને ખબર તો છે કે આ વાઘના ઉપદ્રવવાળો પ્રદેશ છે.'

'બીજે રહેવા જવાનું મન તો થાય છે પણ આ પ્રદેશ છોડવાનું મન નથી થતું. કેમ કે આ પ્રદેશનો રાજા કેવો સારો છે! ન જુલમ, ન અત્યાચાર, ન આકરા વેરા, ન બહેન-દીકરીઓ પ્રત્યે ખરાબ નજર. બધી જ રીતે સુયોગ્ય રાજા છે. બીજે તો એવા જુલમગાર રાજાઓ છે કે જે વાઘને પણ સારા કહેવડાવે. વાઘના ઉપદ્રવને તો વહેલાં-મોડાં પહોંચી વળાય પણ રાજાના ઉપદ્રવને....'

કન્ફ્યુશિયસ વિચારતા જ રહી ગયા.


## જય જિનેન્દ્ર

દર અંકે જ્ઞાનવર્ધક અને સ્વાધ્યાયપ્રેરક સ્પર્ધા, દર અંકે ધરખમ ઈનામો
આજે જ જય જિનેન્દ્રના સભ્ય બની જાઓ અને ઈનામો મેળવતા રહો.

## સમય ચિંતન

સાધન જ્યારે આપણી પાસે હોય છે ત્યારે આપણે એનો સદુપયોગ વિસરી જઈએ છીએ.

સાધનો જ્યારે આપણી પાસેથી ચાલ્યાં જાય છે ત્યારે આપણને સદુપયોગની સદ્બુદ્ધિ સૂઝે છે!

– 'પ્રિયદર્શન'


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૩
સળંગ અંક ૨૭
જૂન, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧


# जिणसासणे डज्झमाणे न मे डज्झइ किंचण...

જૈન આગેવાનો, (જૈનાચાર્યો, જૈન નેતાઓ, જૈન ઇતેચ્છુઓ વગેરે) નમિ રાજર્ષિ જેવી બહુ ઊંચી આધ્યાત્મિક ઊંચાઈ પહોંચી ગયા છે. નમિ રાજર્ષિની કથા કહે છે કે તેમણે ગૃહત્યાગ કર્યા પછીના અરસામાં તેમને કહેવામાં આવ્યું કે આપની મિથિલા નગરીમાં આગ લાગી છે. ત્યારે એ મૂઠી ઊંચેરા મહાત્માએ કહ્યું કે 'મિથિલા બળે છે તેમાં મારૂં કશું બળતું નથી.' આ વાત જૈન આગમોમાં નોંધાઈ છે : 'मिथिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण...'

અત્યારે જૈન શાસનમાં આ જ સ્થિતિ પ્રવર્તી રહી છે. એક સજ્જન મને કહે છે કે તમે ખોટો દાખલો આપ્યો. અહીં તો નીરોનો દાખલો લાગુ પડે : 'રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફિડલ વગાડતો હતો.' હું સજ્જનને જવાબ આપું છું કે મારાં લખાણોમાંથી કડકાઈને બાદ કરતાં બીજી કોઈ ભૂલ નહીં શોધી શકેલા લોકો માટે મારે સારા શબ્દોમાં રજુઆત કરવી એમ મેં આ વખતે વિચાર્યું છે! મારા નક્કર અને ભારોભાર સચ્ચાઈથી નીતરતા વિચારોનો સામનો નહીં કરી શકેલા લોકો પાસે એક જ મુદ્દો છે : 'એ બહુ કડક ભાષામાં લખે છે!'

'ખોટું છે,' 'આવું જૈન શાસનમાં નથી બની રહ્યું' કે પછી 'બધું કાલ્પનિક છે' એમ કોઈ નથી કહેતું. એટલે મારી વાતો નક્કર સત્ય છે એનો તો અજાણપણે કે અભાનપણે સ્વીકાર થઈ જ જાય છે. એટલે એવો વિચાર આવે છે કે કેટલાક લોકો ઇચ્છે છે તેમ, મારે સાચી વાતો પણ મીઠી મીઠી ભાષામાં લખવી. જેથી કોઈની લાગણી દુભાય નહીં!

આ લાગણી પણ પાછી એવી બાબત છે કે એ કોની ક્યારે દુભાય એ કહેવાય નહીં! અને કોની ક્યારે ન દુભાય એ પણ કહેવાય નહીં! દાખલા તરીકે એક નામાંકિત અખબાર છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં એક જૈન સંઘના

એક ટ્રસ્ટીના એક દીકરા સાથે એક જૈન સાધુએ એકવાર કુકર્મના નામે ઓળખાતી એક પ્રક્રિયા કરી. આથી આ અખબારની લાગણી એકદમ દુભાઈ ગઈ અને તેણે આ વાત જે તે સાધુના નામ સાથે જાહેર કરી દીધી. મારી જેવાને એમ થયું કે વાહ, કમાલ કહેવાય. આથી વિપરીત, બીજા વરસે મહાઅણુવિસ્ફોટ જેવી ત્રણ સાધુઓની પરાક્રમગાથા જૈનોએ જાણી. પણ આ અખબારે એને હાથ લગાડવાનું મુનાસીબ ન માન્યું. કારણ? કારણ કે એમાં એમનું કશું બળતું નહોતું! મતલબ કે એ વખતે અખબારના સંચાલકો નમિ રાજર્ષિ જેવી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચી ગયા હતા! આ વખતે મારે મધુર મધુર લખવાનું હોવાથી હું નીરો સાથે કોઈની તુલના નહીં કરૂં! નમિ રાજર્ષિનું ઉદાહરણ આપીએ તો કોઈ નારાજ તો ન થાય!

આ જ બનાવને બીજી રીતે જોઈએ તો, પાલડીમાં બનેલા ઉપર્યુક્ત બનાવમાં, જો, ટ્રસ્ટીના છોકરા સિવાયનું કોઈ પાત્ર સંડોવાયું હોત તો? તો પેલા સાધુ કે જેનું નામ પેલા અખબારે પ્રકાશિત કર્યું હતું તેને સંસારી કપડાં પહેરવાનો વખત આવત જ નહીં. મતલબ કે 'ટ્રસ્ટીના છોકરા સાથે કુકર્મ થયું એટલે' ટ્રસ્ટીની લાગણી દુભાઈ ગઈ. બીજા કોઈના છોકરા સાથે – એજ સંઘમાં – આવો બનાવ બન્યો હોત તો ટ્રસ્ટીની લાગણીને દુભાવાનો મોકો મળત જ નહીં! કારણ કે એ વખતે એમનું કશું બળ્યું હોત જ નહીં! અને પેલા મુનિરાજને કશું થાત પણ નહીં અને માનનીય ટ્રસ્ટીશ્રી એ વખતે નમિ રાજર્ષિ જેવી આધ્યાત્મિક ઊંચાઈનો અનુભવ કરતા હોત! એ તો જિનશાસનનું બળે છે ને, આપણું ક્યાં કંઈ બળે છે! આ કેસમાં છોકરાના બદલે છોકરી હોત તોય કોઈનું કશું ન બળ્યું હોત, સિવાય કે એ છોકરી કોઈ ટ્રસ્ટીની હોત! આ લખતાં લખતાં જ એક વિચાર આવી ગયો : આવું અકાર્ય કરનાર વ્યક્તિએ કોઈ અખબારના સંચાલક અથવા ચીફ સંપાદકના સંતાન સાથે એમ કર્યું હોત તો?

આ જ બનાવને ત્રીજી રીતે જોઈએ તો, પાલડીમાં બનેલા આ બનાવમાં જે સાધુ સંડોવાયેલા હતા તે, આજના જૈન સંઘમાં વપરાતી ભાષા પ્રમાણે, 'સામા પક્ષવાળા' હતા. એટલે આ બનાવથી આ તરફના પક્ષવાળા લોકોની લાગણી એકદમ દુભાઈ ગઈ અને ચોરે ને ચૌટે દક્ષાચાચીની સ્ટાઈલમાં એવી વાતો થવા લાગી કે 'અરર... સાધુથી આવું તે કારાતું હશે?' પછી પેલો મહાવિસ્ફોટવાળો બનાવ બહાર આવ્યો ત્યારે આ પક્ષવાળા એકદમ નમિ રાજર્ષિની ભૂમિકામાં આવી ગયા અને એકદમ આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચી ગયા. એ વખતે એમનું તો શું, કોઈનુંયે કશું બળતું નહોતું! સિવાય કે જે બળતું હતું તે જૈન શાસનનું બળતું હતું. બળે એ તો... ન મે ડજ્ઝઇ કિંચણ...

*જય જિનેન્દ્ર*માં ક્યારે શું લખાયું અને કોની લાગણી ક્યારે દુભાઈ અને ક્યારે ન દુભાઈ એનો અમે ગુપ્ત રીતે સર્વે કર્યો. એમાં જે તારણો મળ્યાં તેમાંથી થોડાક અહીં સાદર છે.

ભૂજના દેરાસર ઉપર જ્યારે સરકારી હથોડા ઝીંકાવાના હતા ત્યારે કોઈનું કશું બળતું નહોતું. અમે અહીંથી એ મામલે કચકચાવીને લખ્યું હતું તે પછી પણ કોઈની લાગણી દુભાઈ નહોતી. જે બળતું હતું તે જૈન શાસનનું બળતું હતું. કોઈ આચાર્યનું, કોઈ ટ્રસ્ટીનું, કોઈ જૈન હિતેચ્છુનું કે કોઈ જૈન નેતાનું કશું બળતું નહોતું. લાગતા વળગતા લોકો નમિ રાજર્ષિ જેવી પરમ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચી ગયા હતા.

ડેનિશ એ. ખાને ભગવાન મહાવીર ઉપર માંસાહારના આરોપો મૂક્યા એ વખતે અમે અહીંથી જે લખ્યું હતું તે એવું હતું કે કોઈનાયે રૂંવાડા સળગી ઊઠે. પરંતુ પરમ અધ્યાત્મની ઊંચી અનુભૂતિમાં મગ્ન બનેલા જૈન શાસનના દરેક

પ્રકારના આગેવાનોમાં કોઈ સળવળાટ નહોતો થયો. પણ ડેનિશ એ. ખાનવાળા એ જ અંકમાં અમે બીજું જે લખ્યું હતું તે વાંચીને કેટલાયે લોકોનાં ભવાં ખેંચાયાં હતાં : 'હંહ, આવું તે કંઈ લખાતું હશે.' કેટલાયે લોકોની લાગણીઓ એ વખતે દુભાઈ ગઈ હતી : 'ગુરુકુળવાસ વગરનો મિત્રાનંદ પ્રવચનની આશાતના કરે છે.' આવું કહેનારનો 'અચાનક ઊભરાઈ ગયેલો' પ્રવચન-પ્રેમ જોઈને તો હું પણ આંચકો ખાઈ ગયો હતો! વેશ્યા સતીની ભાષા બોલવા લાગે ત્યારે આપણને કેવું થઈ આવે! अपि च, ગુરુકુળવાસ(!?)માં રહીને 'લીલા'–લહેર કરીએ તો પ્રવચનની 'આશાતના' ન થાય!!! સમજાણું કાંઈ?

એક અખબારમાં એક બનાવટી લેખકે મારી વિરુદ્ધમાં હલકી કોમેન્ટ કરી એ વખતે કોઈની લાગણીને ઊની આંચ ન આવી. ઉપરથી ગાંધીનગર ખાતેથી એક નિવૃત્ત જૈન સરકારી અધિકારીનો એક વ્યક્તિ ઉપર ફોન આવ્યો : 'મિત્રાનંદસાગરને કહો કે અખબારમાં આવેલો બોધપાઠ (!?) વાંચીને હવે સુધરી જાય!' પેલી હલકી કોમેન્ટનો મેં માથું ફાડી નાખે એવો જવાબ આપ્યા પછી તરત પાછી કેટલાયે લોકોની લાગણી દુભાઈ ગઈ. એ કોમેન્ટ વાંચીને ઉચ્ચતમ આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચેલા એ જીવાત્માઓ પાછા અધ્યાત્મમાંથી બહાર આવી ગયા. આમેય ગુણસ્થાનકોમાં ક્યાંક ક્યાંક ચડતી-પડતીના અવસરો આવતા જ હોય છે. આવું કેમ થતું હશે એ અભ્યાસકાળમાં નહોતું સમજાયું તે આ પ્રસંગે બરોબર સમજાઈ ગયું! મતલબ કે પેલી ગંધાતી કોમેન્ટ વખતે તેઓ ગુણસ્થાનકોમાં ખૂબ આગળ વધી ગયા હતા પણ મારા જવાબ પછી તેઓ પાછા નીચલા ગુણસ્થાનકે આવી ગયા હતા!

એક અંકમાં, તિથિના પ્રશ્ને અમે, *'જેની સાથે વાંધો હોય તેને સાથે બેસાડ્યા વિના કોઈ પણ પ્રશ્નનો નિકાલ લાવી શકાતો નથી'* એમ લખ્યું એમાં તો કેટલાયે લોકો ભડકી ગયા, પણ જ્યારે ડેનિશ એ. ખાને *'જૈનધર્મના સ્થાપક વર્ધમાન મહાવીરે પણ નાના કૂકડાનું માંસ ખાધું હતું'* એમ લખ્યું ત્યારે કોઈનું રૂંવાડુંયે હલ્યું નહીં. એ વખતે એમની મનોદશા કેવી હશે? એકદમ ઊંચી. ભગવાન મહાવીરે કહ્યું છે કે 'બુદ્ધિમાન એ છે જે કોઈ પણ પરિસ્થિતિમાં સમતા ધારણ કરે છે.' જૈન આગેવાનો – દરેક વર્ગના – આવા વખતે પરમ સમતામાં મગ્ન રહે છે!

એક અંકમાં અમે લખ્યું હતું કે *'રાજકારણમાં અપરાધીકરણ વધ્યું છે. ધર્મમાં પણ અપરાધીકરણ વધ્યું છે.'* આ શબ્દો વાંચીને એક જૈન વિદ્વાને અમને કહ્યું કે 'તમે ધર્મગુરુ થઈને ધર્મની નિંદા કરો છો એ ચલાવી નહીં લેવાય.' મેં લાગલું જ પરખાવ્યું : 'જુઓ તમે જ તમારી જબાન દ્વારા મારી વાતને સચ્ચાઈનો આકાર આપી રહ્યા છો!'

પૂજનીય આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજને શ્રદ્ધાંજલિ આપતા લેખમાં અમે લખ્યું હતું કે 'પૂજ્ય આચાર્ય શ્રી વિજય હિમાંશુ-સૂરીશ્વરજી મહારાજે આદરેલા મિશનને ભારે ધક્કો પહોંચ્યો છે.' આના અનુસંધાનમાં અમે બીજી ઘણી વિગતો લખી હતી. પરંતુ ગમે તે કારણસર ભડકી ગયેલા એક મહાત્માએ અમને જણાવ્યું કે 'હિમાંશુસૂરીશ્વરજી મહારાજને બીજી વાર અભિગ્રહ કરવો પડ્યો એનાં કારણો લખવાની તમારે કંઈ જરૂર નહોતી. આમ લખવાથી શેષ આચાર્યો પ્રત્યે લોકોને અનાદર થવાની સંભાવના છે.' શાબ્બાશ! એક તો બોલીને ફરી જવું અને પાછા અનાદરથી ડરવું પણ ખરૂં!

તમારે 'આવી આધ્યાત્મિક ઊંચાઈઓ' સર કરવી છે? કરો ખુશીથી. ન મે ડજ્ઝઇ કિંચણ!

## *એ તો જિનશાસનનું બળે છે ને, આપણું ક્યાં કંઈ બળે છે!*

# આપનો પત્ર મળ્યો

જય જિનેન્દ્રના ત્રીજા વર્ષના પ્રવેશને અંતઃકરણ પૂર્વક આવકારું છું. 'વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ' રજૂ કરતું આ માસિક પત્ર મારા જેવા જૈનેતરને પણ પ્રભાવિત કરી શકે છે અને જીવન સુધારવામાં મદદરૂપ થઈ શકે છે.



ગતવર્ષમાં 'જૈનધર્મનું નોલેજ' તથા આ વર્ષમાં 'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' જેવી પરીક્ષાઓ લેવા દ્વારા આ દેશની સંસ્કૃતિને ઉજાગર કરવાનું અને આમજનતાને સંસ્કૃતિ સાથે જોડવાનું ઉમદા કાર્ય પણ આ માસિક દ્વારા થયું છે જે અત્યંત પ્રશંસાપાત્ર છે.

ભગવતી પદ્માવતીના વિશેષાંક તરીકે પ્રકાશિત થયેલા અંક દ્વારા સમયને અનુરૂપ એવી સાધનાઓની જાણકારી સામાન્ય પ્રજાને કરીને ખૂબ જ ઉપકાર કર્યો છે. ભગવતી પદ્માવતીમાં શ્રદ્ધા ધરાવનાર જૈન અને જૈનેતરો માટે આ અંક ખૂબ જ આશીર્વાદરૂપ છે.

ત્રયબાર બંદગી અને સાધુભાવ સાથે,

જય જિનેન્દ્ર.

**ડૉ. દિનેશ પરમાર** (ધારાસભ્ય, જામનગર)

મૈં જય જિનેન્દ્ર પત્રિકા કો બહુત હી ધ્યાન કે સાથ મનનપૂર્વક પઢ઼તા હૂં. આપકે વિચારોં મેં તાજગી ઔર નિર્ભીકતા તથા ભાષા કા તીખાપન બહુત અચ્છા લગતા હૈ.

**શ્રીચંદ સુરાના 'સરસ'** (આગરા)

આપે પદ્માવતી વિશેષાંક પ્રકાશિત કરીને અમારી જેવા ભક્તજનો ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. અંક ઘણો જ સરસ હતો. એમાં સૂચવેલી આરાધનાઓ પણ સમયને અનુરૂપ હતી. ગયા વરસે આપે શાસન-ગૌરવ પૂર્તિ પ્રગટ કરી હતી અને આ વરસે આ અંક પ્રકાશિત કર્યો. આ પરંપરા ચાલુ રાખશો.

**ચંદ્રકાન્ત રમણલાલ**
(કલકત્તા)

નવા વરસના આરંભે પ્રકાશિત કરેલો વિશેષાંક ખૂબ સારો હતો. આવા અંકો રંગીન કલરમાં છાપવા જોઈએ. ગયા વરસે પ્રકાશિત કરેલ અંકમાં બારે માસનું અવલોકન – સરવૈયું આપ્યું હતું તેવું આ વખતે જોવા ન મળતાં નિરાશા થઈ. હમણાંથી તંત્રીલેખોની ધાર કેમ ઓછી થઈ છે?

**પી. વી. શાહ** (વડોદરા)

એપ્રિલ, ૨૦૦૪નો 'જય જિનેન્દ્ર'નો પદ્માવતી વિશેષાંક બહુ જ ગમ્યો. માતાજીનાં વિવિધ સ્થાનકો અંગે નવી જાણકારી મળી. ઉપરાંત વર્તમાનકાળમાં ઉપયોગી હોય એવી વિવિધ ઉપાસનાઓથી અંક વધુ સમૃદ્ધ બન્યો છે. આવી સુંદર સામગ્રી પીરસવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**અભય સોનાવાલા** (સુરત)

પદ્માવતી માતાજીનો અંક જોયા પછી એવો વિચાર આવ્યો કે આ કાળમાં આમાં જણાવેલી ઉપાસના કરનારા કેટલા નીકળવાના? જૈન ઉપાસનાઓમાં એટલા બધા નિયમો સાચવવાના હોય છે કે સામાન્ય માણસ આમાં જણાવેલી સાધના ભાગ્યે જ કરી શકે. જો કે સંગ્રહની દૃષ્ટિએ આ પ્રકાશન ઉપયોગી ગણાય.

**એ. પી. શાહ** (કલકત્તા)

આખો અંક એક બેઠકે જ વાંચી લીધો. બહુ મજા આવી. સામગ્રી રજૂ કરવાની આપની કળા દાદ માગી લે છે. આ અંક સંપાદનકળાનો શ્રેષ્ઠ નમૂનો છે. ખામી એક જ રહી : આ અંકમાં માતાજીના વિવિધ ફોટાઓ આપ્યા હોત તો ઓર મજા આવત.

**ધીરજબેન ચાલીસા** (સેટેલાઈટ, અમદાવાદ)

કુ. ચૈતાલી શાહ

# તોરણ : દેરાસરની એક અલંકૃત રચના

## સ્થાપત્ય દર્શન

સ્થાપત્યની રચનામાં બે પ્રકારનાં સ્થાન નિર્ધારિત થાય છે; પ્રથમ, જે તે કાર્યહેતુ માટે રચાયેલું સ્થાન, તથા બીજું, આવા સ્થાનને જોડતો આવન-જાવનનો માર્ગ. સામાન્ય રીતે સ્થાપત્યની રચનાનો મૂળ હેતુ પ્રથમ પ્રકારનાં સ્થાન બનાવવાનો હોય છે. આવાં સ્થાન ઓરડા જેવાં પૂર્ણ રીતે આંતરિક પરસાળ કે વરંડાની જેવાં અર્ધ આંતરિક - અર્ધબાહ્ય તથા ચોક, ચોગાન કે પ્રાંગણ જેવાં પૂર્ણબાહ્ય પણ હોઈ શકે. આવા પ્રત્યેક સ્થાનને જોડતો આવન-જાવનનો માર્ગ હોય. આ આવન-જાવનના માર્ગમાં પણ બે પ્રકારની જગ્યાઓ રચાતી હોય છે. પ્રથમ તો જે માત્ર આવન-જાવન માટે છે તેવાં 'કોરિડોર' તથા અન્ય આવા કોરિડોરમાંથી જે તે ઓરડામાં જવા માટે વિરામસ્થાન બનાવાય તે. દેરાસરની રચનામાં ગૂઢમંડપ કે નિજમંદિર જેવાં સ્થાનો ચોક્કસ કાર્યહેતુના સમાવેશ માટે હોય છે. જ્યારે પ્રવેશમંડપ કે અંતરાળ જેવાં સ્થાનો આવન-જાવન માટે રચાય છે.

આવા આવન-જાવનના માર્ગને અલંકૃત કરતી રચના તે તોરણ. પરંપરાગત રીતે પ્રાસાદના સ્તંભો વચ્ચે જે તે સ્થાનને શોભાયમાન કરવા અથવા તો દેરાસરના પ્રવેશદ્વારને અલંકૃત કરવા તે પ્રવેશના મુખ્ય અક્ષના અનુસંધાનમાં બે સ્તંભ ઊભા કરી તેના પર કમાનાકાર તોરણ બનાવાતાં.

વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે તોરણનાં મુખ્ય ત્રણ અંગ ગણાય છે : રથિકા, ઈલિકા તથા સ્થાયિકા. આમાં રથિકાની રચનામાં નાની બે થાંભલીની ઉપરબાજુ તથા નીચે પીઠિકા જેવી રચના કરી તેમાં દેવ કે અર્ધદેવ સ્વરૂપો કંડારાય છે. જ્યારે ઈલિકા એ તોરણનો રેખાકીય ભાગ છે જેમાં લાલિત્યપૂર્ણ કોતરણી કરાય છે. આ ભાગ વળાંકાકાર હોવાથી સમગ્ર તોરણ નયનરમ્ય બને છે. સ્થાયિકાથી તોરણ સ્તંભ સાથે જોડાય છે. જો કે ઘણીવાર રથિકા જેવી રચના થકી જ સ્તંભ સાથે તોરણ ટેકવાય છે. પરંતુ ક્યારેક સ્થાયિકાની રચનામાં ગજમુખ જેવી રચના પણ કરાય છે.

તોરણમાં કેટલી ઈલિકા આવે છે તેના પરથી તોરણનો પ્રકાર નક્કી થાય છે. જ્યારે તોરણમાં બે ઈલિકા તથા બન્ને ઈલિકાને જોડતા સ્થાન પર અને બન્ને છેડે એક એક રથિકા મૂકવામાં આવે ત્યારે વલિકાકાર તોરણ બને. તેવી જ રીતે ચાર ઈલિકા તથા પાંચ રથિકા વડે રચાતા તોરણને શ્રીપુંજ કહેવાય છે. જ્યારે તોરણમાં છ ઈલિકા અને સાત રથિકા હોય ત્યારે તે વિસ્તૃત તોરણ નંદીવર્ધન તરીકે ઓળખાય છે. બધાં તોરણો ક્રમશઃ ઉપર ચઢતાં હોય છે પણ ક્યારેક ક્યારેક તોરણની રચના ચઢાવ-ઉતારવાળી હોય છે. આવાં ચઢાવ-ઉતારવાળા તોરણને હિંડોલક તોરણ કહેવાય છે.

લેખાંક : દસ



*તોરણ, સ્તંભ તથા ખૂણિયા-મૂર્તિના સમન્વય થકી દેરાસરની દૃશ્ય અનુભૂતિ મનોરમ્ય બને છે.*

સ્થાપત્યનો ઇતિહાસ જોતાં જણાશે કે તોરણની રચના શરૂઆતમાં મકાનના ભારવાહક અંગ તરીકે થતી. બે થાંભલા વચ્ચે ટેકવાતી પાટ કે મોભના સ્થાને કમાન રચાતી, જે સૈદ્ધાંતિક રીતે દબાણમાં રહેતી. સમય જતાં કમાન ભારવહન સાથે સાથે દૃશ્ય અનુભૂતિ માટે પણ અગત્યની બનતી ગઈ અને એક સમય એવો આવ્યો કે જ્યારે તે માત્ર અલંકાર તરીકે પણ મકાનમાં પ્રયોજાવા માંડી.

તોરણ સુશોભન સાથે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ એક મહત્ત્વનો ભાગ ભજવે છે. તોરણ પ્રવેશ નિર્ધારિત કરતું હોવાથી એક રીતે માનવીને તે આવકારે છે, જ્યારે સાથે સાથે તે જરૂર ન હોય તેવી વ્યક્તિઓ માટે પ્રવેશ નિષેધ પણ કરે છે. ગમે તે કારણ હોય, યોગ્ય પ્રમાણમાપવાળું તોરણ દેરાસરની દૃશ્ય અનુભૂતિને જરૂર સમૃદ્ધ કરે છે.

**મહેક**

સાંપ્રત સમાજમાં જે સૌથી વધારે નવરો હોય તે ટ્રાફિકમાં આગળ રહેવા પ્રયત્ન કરશે.

## આપના સંઘના ઉપક્રમે પાંજરાપોળ બનાવવા ઇચ્છો છો?

શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘની એક અખબારી યાદી જણાવે છે કે જે સંઘમાં પાંજરાપોળ ન હોય તે સંઘ જો પાંજરાપોળનું નિર્માણ કરવા ઇચ્છતો હોય તો તેમાં પ્રારંભિક ધોરણે પાંચ લાખ રૂપિયા સુધીની રકમનો સહકાર આપવા વિચારવામાં આવશે. શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનના દેરાસરના સુવર્ણજયંતી મહોત્સવ અવસરે શ્રી માટુંગા જૈન સંઘ દ્વારા આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પાંજરાપોળનું નિર્માણ કરવા ઇચ્છતા સંઘોને વિનંતી છે કે તેઓ નામ સરનામા સાથે વિગતવાર અરજી નીચેના સરનામે કરે :

શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ<br>
શ્રી વાસુપૂજ્યસ્વામી ચોક, બ્રાહ્મણવાડા રોડ કોર્નર,<br>
ડૉ. આંબેડકર રોડ, માટુંગા, મુંબઈ ૪૦૦૦૧૯

જય જિનેન્દ્રના આગામી અંકમાં વાંચવાનું ચૂકશો નહીં : ‘એક ડાળનાં પંખી.’ ગુજરાતની પ્રબુદ્ધ અને વિચારશીલ જનતાનો ઐતિહાસિક ચુકાદો.

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૫

## ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૦.૬.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઇનામોની જાહેરાત ઑગસ્ટ, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૫ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

**● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .**

નામ ____________________

સરનામું ____________________

____________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________________

જિલ્લો ____________________ ફોન નંબર ____________________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

**જય જિનેન્દ્રમાં આવતી વિવિધ પ્રકારની ઇનામી સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છતા હો તો આજે જ આપ વાર્ષિક સો રૂપિયા લવાજમ ભરીને મેમ્બર બની જાઓ**

**JAY JINENDRAના નામે ચેક ડ્રાફ્ટ કે એમ. ઓ. આ સરનામે મોકલી શકાય છે. બહારગામના ચેકો સ્વીકારવામાં આવતા નથી. જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૫

નિયમ ૧. : પ્રશ્નનો જવાબ કાં તો 'અ'થી શરૂ થતો હોવો જોઈએ અથવા 'આ'થી. ૨. : એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. : છેકછાકવાળા જવાબને ખોટો જવાબ ગણવામાં આવશે.

૧. આમનો સમાવેશ પંચપરમેષ્ઠિમાં થાય. ☐ ____________
૨. આ ચોવીસીના કોઈ એક તીર્થંકરનું નામ જણાવો. ☐ ____________
૩. આયુષ્યકર્મનો સમાવેશ આમાં થાય. ☐ ____________
૪. પોતાની જાતને ઈન્દ્ર તુલ્ય માનનાર દેવ એટલે કેવો દેવ? ☐ ____________
૫. સાધુઓને મહાવ્રત હોય અને શ્રાવકને આ વ્રત હોય. ☐ ____________
૬. એક પાપસ્થાનકનું નામ જણાવો. ☐ ____________
૭. નવાંગી વૃત્તિના નિર્માતા આચાર્ય કોણ? ☐ ____________
૮. આ સમ્રાટ, સંપ્રતિ રાજાના વડવા થાય. ☐ ____________
૯. એ કયા ભગવાન છે જે કૃષ્ણના કાકાના દીકરા થાય છે? ☐ ____________
૧૦. પાંચ પૈકી કોઈ એક જ્ઞાનનું નામ જણાવો. ☐ ____________
૧૧. તીર્થંકરો દ્વારા પ્રરૂપિત સ્યાદ્વાદ સિદ્ધાંતનું પ્રચલિત નામ. ☐ ____________
૧૨. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં આનો સમાવેશ થાય છે. ☐ ____________
૧૩. કયા કવિ-મુનિનાં સ્તવનો તત્ત્વજ્ઞાનથી ભરપૂર હોય છે? ☐ ____________
૧૪. શું આગામી પર્યુષણમાં તમે 'આ' કરવાની ભાવના રાખો છો? ☐ ____________
૧૫. નવસ્મરણોમાં આનો સમાવેશ થાય. ☐ ____________
૧૬. પચ્ચક્ખાણમાં જે છૂટ રખાય છે તેને શું કહે છે? ☐ ____________
૧૭. જૈન મુનિ માટે વપરાતો આ શબ્દ કેવો કર્ણપ્રિય છે! ☐ ____________
૧૮. એ પ્રભુ કયા છે જેમનાં દેરાસરો લગભગ જોવા મળતાં નથી? ☐ ____________
૧૯. નવ તત્ત્વોમાં આ તત્ત્વનો સમાવેશ થાય છે. ☐ ____________
૨૦. પાવાપુરી નગરીનું અસલી નામ શું હતું? ☐ ____________
૨૧. બુદ્ધિ માગો તો આમના જેવી. ☐ ____________
૨૨. તમે બધી કલ્યાણક-ભૂમિની યાત્રા કરી શકો પણ આની નહીં! ☐ ____________
૨૩. નવકારમંત્રના પહેલા પદ દ્વારા કોને નમસ્કાર કરાય છે? ☐ ____________
૨૪. એ કયો જીવ છે જે કદી મોક્ષે જઈ શકતો નથી? ☐ ____________
૨૫. જીવથી વિરુદ્ધ કયો પદાર્થ છે? ☐ ____________
૨૬. ચોરીને શાસ્ત્રીય ભાષામાં શું કહે છે? ☐ ____________
૨૭. સંભવનાથ ભગવાન થયા પછી કયા ભગવાન થયા? ☐ ____________
૨૮. એ ભગવાન કોણ હતા જેમના ભાઈ ચક્રવર્તી હતા? ☐ ____________
૨૯. આ ચોવીસીમાં સૌથી મોટું આયુષ્ય કયા ભગવાનનું હતું? ☐ ____________
૩૦. વિરાધક ન હોય તેને કેવો કહેવાય? ☐ ____________

# મારે બનવું કંઈ નથી છતાં મારે કંઈક બનવું છે.

● આનંદમૂર્તિ ●

## એક મુનિવરની ડાયરીમાંથી

મારે ને યોગને બારમો ચંદ્ર છે પણ તે છતાં હું યોગનિષ્ઠ તરીકે ઓળખાઉં એવી મારી ભાવના ખરી. એવું કોણે કહ્યું કે યોગનિષ્ઠ બનવા માટે 'બુદ્ધિસાગરસૂરિ' બનવું જરૂરી છે? ધ્યાનની મૂડીમાં તો મારી પાસે આર્ત અને રૌદ્ર સિવાય કંઈ નથી પરંતુ લોકો મને ધ્યાની તરીકે ઓળખે એ મને બહુ ગમે. 'કપૂરવિજય' જેવા થયા વિના પણ ધ્યાની બની જવું એમાં શી મોટી વાત! તમે આગમોની ક્યાં માંડો છો, મારા તો બે પ્રતિક્રમણનાં સૂત્રોનાંય ઠેકાણાં નથી (આ મારી અંગત વાત છે, જોજો કોઈને કહેતા નહીં), પણ જો હું આગમોદ્ધારક તરીકે પ્રસિદ્ધ થાઉં તો મારૂં શેર લોહી ચડે. એ માટે કંઈ 'સાગરજી' થવું જ પડે? રામરામ કરો રામરામ! મારી ભાષામાં અને મારા જ્ઞાનમાં ભલેને કંઈકેટલાયે ગોટાળે ગોટાળા હોય, શ્રુતસમુદ્ધારક તરીકે જો મારી પ્રસિદ્ધિ થતી હોય તો હું ગમે એટલા રૂપિયા ખરચવા તૈયાર છું. મહાજનનું છે ને મહાજન ખાય છે, મારે ક્યાં ગાંઠનાં નાણાં કાઢીને આપી દેવાનાં છે! શ્રુતસમુદ્ધારક બનવા માટે 'દેવર્ધિગણી' જેવા થવું જ પડે એવું સંકુચિત મન નહીં રાખવાનું. ખૂણેખાંચરેથી ખરીદીને, જ્ઞાનભંડારોમાંથી ચોરીને અને જે તે સંસ્થાઓના કાર્યવાહકોને ફોસલાવી પટાવીને થોડાક ચોપડા ભેગા કરી લેવાની શક્તિ (કે કળા) આવી જાય એટલે બસ.

યુગ કઈ તરફ ચાલી રહ્યો છે એનું મને કંઈ જ્ઞાન નથી પણ એમાં શું થઈ ગયું? યુગપ્રધાન બનતાં મને કોણ અટકાવી શકે? યુગપ્રધાન નહીં તો યુગવીર સહી, મારા નામ આગળ લાગનારા વિશેષણમાં યુગ શબ્દ આવી જાય એટલે બહુ થઈ ગયું. યુગપ્રધાન, યુગવીર, યુગદિવાકર, યુગપ્રભાકર; કંઈ પણ ચાલે. એમ પાછો હું તદ્દન સંતોષી જીવ છું!

અભ્યાસ કર્યા વિના પંડિત બનવાની કેવી મજા છે એ તો એ રીતે પંડિત બને એને જ ખબર પડે. આ યુગમાં નકલી પંડિત બનવા માટે કંઈ બીરબલની મદદની જ જરૂર પડે એ જરૂરી નથી, પાસે ખણખણતા રૂપિયા (સોરી, કડકડતી નોટો) હોય એટલે બસ. મારા નામ આગળ પંડિત શબ્દ લાગ્યા પછી મારી રોનક બદલાઈ જવાની એ વાત નક્કી.

કહે છે કે સાધુ પાસે પૈસા હોય તો તેની કોઈ કિંમત નહીં અને સંસારી પાસે પૈસા ન હોય તો તેની કોઈ કિંમત નહીં. પણ એ તો કહેનારા કહે. એમનું ભોળપણ એમને મુબારક. પૈસા વિના તે સાધુની કંઈ કિંમત થતી હશે? જેની પાસે લાખો કરોડો રૂપિયા હોય તે સાધુ જ આ યુગમાં મહાન ગણાય છે. પૈસા વિનાનો સાધુ એટલે ઠીક મારા ભઈ! એ બહુ બહુ તો બિચારો 'ખપી' કહેવાય! મારે સાધુતા સ્વીકાર્યા વિના માત્ર સાધુવેષ ધારણ કરીને મહાન બનવું છે. કરોડો રૂપિયા પાસે હોય છતાં હું 'અપરિગ્રહી' કહેવાઉં એના જેવી મજા ક્યાંય હોઈ શકે ખરી?

હે ભગવાન, તું મને લોકોની આંખમાં ધૂળ નાખવાનું – અને હું જેવો નથી તેવો દેખાઈ શકવાનું – વરદાન આપ. તારી ઈચ્છા હશે તો તારૂં એક સરસ મજાનું મંદિર હું બનાવી દઈશ. આ મારૂં પ્રોમિસ છે, બસ?

*હે ભગવાન, તું મને લોકોની આંખમાં ધૂળ નાખવાનું વરદાન આપ!*

પ્રેષક : પૂજનીય આચાર્ય શ્રી કીર્તિસેન સૂરીશ્વરજી મહારાજ

# ભાગ્યના ખેલને દર્શાવતી એક અદ્ભુત કથા

*ગયા અંકમાં જોયું કે વેપારીઓએ કેવી રીતે ધન્યના ગળામાં માલ ભરાવી દેવાનું તરકટ કર્યું અને કેવી રીતે તેને સીસામાં ઊતારવાની કોશિશ કરી. હવે વાંચો આગળ.*

ધન્યકુમાર કહે : 'શો?'

વેપારીઓ કહે, 'આવા વેપારમાં ધન ઓછું જોઈએ. ઓછું ધન હોય તો ઓછો નફો મળે. પણ લાભ એ છે કે એક વાર વેપાર કરવાની રીત આવડશે પછી તેમાં વધારે ધન કેમ ઉમેરવું તેની ચાતુરી ખીલશે. એમ બુદ્ધિ ખીલતી જશે. તમને પોતાને પણ ભ્રમમાં પડવાનું રહેશે નહીં. માટે કરો કંકુના. શુકન કરો, શુકન, શેઠ!

ધન્યકુમાર સાંભળી જ રહ્યો. કશું જ બોલ્યો નહીં.

એક વેપારી બોલ્યો : 'આરંભ નાનો હોય પણ અંતે લાભ તેમાં જ સાંપડે છે. વળી રાજાજીને પણ વધારે ધન આપવું પડશે નહીં. રાજાજીને તો પહેલેથી ધન આપી દેવું પડે અને માલના નાણાં તો મળે ત્યારે મળે. તેથી નાનો વેપાર હોય તો ઝટ સંકેલી શકાય છે. માટે અમારૂં માનો, તમારા પિતાજી પણ પ્રસન્ન થશે.'

આવી મીઠી વાતોથી ધન્યકુમાર રાજી થયો. એ નમ્રતાભર્યા સાદે બોલ્યો : 'આપ સહુ વડીલ છો. આપે જે શિખામણ આપી છે તેથી મને લાભ થવાનો જ છે. વડીલના બોલ પાળવા એ નાનાની ફરજ છે. મને ખાતરી છે કે આપ વડીલોની કૃપા મારા માટે આશીર્વાદ બની જશે.'

વેપારીઓને એજ જોઈતું હતું.

ખારી માટીથી ભરેલા માટીના લોટા એમ નાદાન ધન્યકુમારને પરોવી દીધા અને મલકાતા મલકાતા ચાલી નીકળ્યા.

ધન્યકુમાર એકલો પડ્યો.

એ વિચાર કરવા લાગ્યો : 'આ બધા કેટલા સ્વાર્થી છે અને દંભી છે! મને બાળક ગણીને કેવી ઠગાઈ કરી ગયા છે! પણ સાચું પૂછો તો એ બધા મૂઢ વેપારીઓ છે. એમને માલની પરીક્ષા કરતાં જ આવડતી નથી. જે ચીજને એમણે નકામી ગણી છે એ નકામી નથી જ એમ મારી બુદ્ધિ મનેકહે છે. રે સંસાર! સ્વાર્થ હોય તો જ દુનિયાને બીજાં સગાં લાગે છે અને જે સગાં છે એમને જ તેઓ છેતરે છે! સંસાર! તું કેવો કુટિલ છે!'

વેપારીઓ આમ મલકાયા છે.

ધન્યકુમાર આમ મલકાય છે.

માટીના લોટાનો સોદો એને માથે નખાયો છે એટલે એ સોદાને શિરે ચડાવીને એણે સાહસ કરી નાખ્યું છે.વેપારીઓ ત્રણે મોટા ભાઈ પાસે ગયા. તેમને આડુંઅવળું સમજાવી દીધું.

મોટા ભાઈઓને ધન્યકુમાર ઉપર દાઝ તો હતી જ.

એ દોડતા ગયા પિતાજી પાસે.

મલકાતા મલકાતા કહેવા લાગ્યા : 'પિતાજી, જુઓ તમારા દીકરાજીની ચાતુરી. જે માટીને કોઈ હાથમાં લે નહીં, જેની કિંમત કોઈ આપવા તૈયાર થાય નહીં તેનો જ સોદો આપના ચતુર પુત્ર કરી આવ્યા છે. હવે જોઈ લેજો.

**આ અંકની વાર્તા**

આપના દીકરાનાં વખાણ હવે કરજો. અમારો કંઈ દોષ નથી હોં. પિતાજી, અમે એ સોદામાં નહીં પડીએ.'

પિતાજી એટલે ધનસાર શેઠ વિચારમાં પડી ગયા. ત્રણે દીકરા સામે જોઈ રહ્યા.

સહુથી મોટો દીકરો બોલ્યોઃ 'પિતાજી, ત્યાં જુદા જુદા દેશની અને જાતજાતની તથા ભાતભાતની ચીજો હતી. એવી ચીજો આપણા દેશમાં મળતી જ નથી. એ જો આપનો લાડકો દીકરો લેત તો આપણે ન્યાલ થઈ જાત. બધા પાકા વેપારીઓ ગયા હતા. એમણે ઓછી મહેનતે વધારે નફો મળે એવી ચીજો લઈ લીધી. આપના દીકરાએ સોદો કર્યો ધૂળનો. હવે ભરી દો આપનું ઘર ધૂળથી. હા, એટલું સારૂં છે કે ધૂળ માટીના લોટામાં ભરી છે!'

■ ■ ■

**'એક તો ધૂળ અને ધૂળ જેવી માટીના લોટા. આવો સોદો તો ગાંડો માણસ પણ ન કરે!'**

■ ■ ■

વચેટ છોકરો બોલ્યો : 'મોટા ભાઈ, તમે ય તે શું? એક તો ધૂળ અને ધૂળ જેવી માટીના લોટા. આવો સોદો તો ગાંડો માણસ પણ ન કરે.'

ત્રીજો દીકરો ખીખીખીખી હસ્યો અને બોલ્યો : 'ગાંડો ન કરે તે આપણા પિતાજીનો લાડકો દીકરો તો કરે છે ને? હે પિતાજી, આવા છે આપના લાડકવાયા! અમે જો આવો સોદો કર્યો હોત ને, તો આપ અમારી ધૂળ ખંખેરી નાખત!'

મોટા પુત્રોની વાત સાંભળીને ધનસાર શેઠ ચિંતામાં ડૂબી ગયા. નાદાન બાળકે કદાચ મૂર્ખાઈ કરી હશે એમ આશંકા પણ ઊભી થઈ. પણ એ કશું બોલ્યા નહીં.

તાનમાં આવી જઈને હસતા મલકાતા મોટા પુત્રો ચાલ્યા ગયા.

ધનસાર શેઠે નાનકડા ધન્યકુમારને બોલાવ્યો ને કહ્યું : 'બેટા, બીજો ઘણો માલ હતો તે તેં ન લીધો અને ખારી માટી તથા માટીના લોટા શીદ લાવ્યો?

ધન્યકુમાર શાંત હતો. એ જાણે છે કે મોટા ભાઈઓ મારી રેવડી થાય એમાં રાજી છે. પણ એ શાણો છે એટલે એણે મન પર લીધું નહીં અને નમ્રતાથી બોલ્યો : 'પિતાજી, આપના પુણ્યના પ્રતાપથી દરિદ્રતા રૂપી વનને બાળી નાખે એવી વસ્તુ મને સાંપડી ગઈ છે. આ વસ્તુનો પ્રભાવ કેવો છે તે મોટા મોટા શેઠો પણ જાણી શક્યા નથી.'

ધનસાર આશ્ચર્યમાં ડૂબી ગયા. એ બોલ્યાઃ 'બેટા, તું શું કહે છે?'

ધન્યકુમાર કહે : 'હું સાચું જ કહું છું, માટે તો એમણે લુચ્ચાઈ કરી. મારા માથા પર સોદો ઠોકી દીધો. પણ મારા પર દેવ-ગુરુની કૃપા છે, પિતાજી.'

હજીયે ધનસાર શેઠ પુત્રની વાતને સમજી શક્યા નહીં. એ પુત્રની સામે જોઈ જ રહ્યા. એમના મનમાં હજીયે શંકા જ છે.

ચતુર પુત્ર પિતાના મનના ભાવને કળી ગયો. એ બોલ્યો : 'પિતાજી, આ ખારી માટીનો તો જબરો પ્રભાવ છે.'

પિતાજીએ મુખ મલકાવ્યું. એ બોલ્યા : 'બેટા, માટી તે માટી. એનો વળી પ્રભાવ શો?'

ધન્યકુમાર બોલ્યો : 'પિતાજી, આ માટી કંઈ બીજી માટી જેવી નથી. એ અનેરી માટી છે. એના અનોખા ગુણ છે. અડકે તો લોઢું સોનું બની જાય એવી માટી છે.'

પિતાજી ચમક્યા. પુત્રની વાત ઉપર એમને

વિશ્વાસ બેઠો નહીં. એ સાંભળી જ રહ્યા.

ધન્યકુમાર બોલ્યો : 'આ માટી પાર્શ્વપાષાણની ખાણમાંથી જ મળે છે. આ માટી કહેવાય છે તેજંતૂરિકા. સંસારની દરિદ્રતાને હરી લેવાની એનામાં તાકાત છે. એ રતીભાર માટી લો અને આઠ પળ તાંબાની સાથે એકરસ કરી નાખો પછી જુઓ કે તાંબું સોનું બની જાય છે કે નહીં?'

ધનસાર હસ્યા. એ બોલ્યા : 'બેટા, એ બધી વાતો કહેવાય. પ્રયોગ વિના વાત શી રીતે માની લઉં?'

ધન્યકુમાર બોલ્યો : 'પિતાજી, હું પ્રયોગ કરી બતાવું છું.'

પિતાજી બોલ્યા : 'વાહ, તો તો ઘણું સરસ.'

ધન્યકુમારે પ્રયોગ કર્યો. ખરેખર એણે માટીનો ચમત્કાર બતાવી આપ્યો. એના પ્રયોગથી તાંબું તો શું, લોઢું પણ સોનું બની ગયું. પછી તો એણે ઘણા ઘણા પ્રયોગ કર્યા અને ઘણું સોનું બનાવી આપ્યું.

ધનસાર અને એનાં સ્વજન રાજી રાજી થઈ ગયાં. પણ એના મોટા ભાઈઓ ઓર બળી ગયા. જલીને ખાખ થઈ ગયા.

એ વાત એક અદેખા વેપારી પાસે ગઈ. એ રાજા પાસે દોડી ગયો અને બોલ્યો : 'મહારાજ, ધનસાર શેઠનો નાનો દીકરો તો બડો શઠ નીકળ્યો. એ અમારા જેવા વેપારીઓને તો ઠીક, પણ આપને પણ ઠગી ગયો છે. આપને નજીવી કિંમત આપીને તેજંતૂરિકાથી ભરેલા માટીના લોટા ઉપાડી ગયો છે. એ વાત એણે છાની રાખી છે. અમને તો આ વાત અત્યારે જ જાણવા મળી છે. મહારાજ, તેજંતૂરિકા તો આપને ત્યાં જ શોભે. માટે આપ મંગાવી લો. એટલે ધન્યકુમાર જેવો ઠગ સીધોદોર થઈ જશે.'

**કથાનો શેષ ભાગ આવતા અંકે**

# આપનું પુસ્તક મળ્યું

- **સચિત્ર જીવતત્ત્વ - નવતત્ત્વ વિચાર અને નારકી ચિત્રાવલિ**

***પ્રેરક :*** *પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ*

***પ્રકાશક :*** *પદ્માવતી પ્રકાશન મંદિર*

*કેર ઓફ, શા મૂલચંદ માનમલજી એન્ડ કંપની*

*૧૬૨, ગુલાલવાડી, મુંબઈ - ૪*

***મૂલ્ય :*** *૧૨૦ રૂપિયા*

***પૃષ્ઠ સંખ્યા :*** *૩૦૮*



આ પુસ્તકમાં જીવવિચાર અને નવતત્ત્વની ગાથાઓ આપવા પૂર્વક જે તે તત્ત્વોનું વિવેચન કરવામાં આવ્યું છે. ગાથાર્થ, શબ્દાર્થ વગેરે દ્વારા પુસ્તકને સમૃદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. દરેક સ્થળને ઉપયોગી ચિત્રો દ્વારા વિષયને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન પણ અહીં દેખાય છે. અહીં આપેલાં મોટા ભાગનાં ચિત્રો બાળજીવો માટે ઉપયોગી છે. કેટલાંક સ્થળોએ કેટલાક પદાર્થોની આધુનિક વિજ્ઞાનને કેન્દ્રમાં રાખીને વિચારણા કરવામાં આવી છે. માત્ર સ્વાધ્યાય કરવામાં ઉપયોગી બને તે દૃષ્ટિએ જીવવિચાર અને નવત્ત્વ પ્રકરણની મૂળ ગાથાઓ પણ સળંગ ક્રમે આપવામાં આવી છે. આઠ કર્મોને લગતાં ચિત્રો જે તે કર્મને સ્થૂલરૂપે સમજવામાં ઉપયોગી બને તેમ છે. એકંદરે જીવવિચાર અને નવતત્ત્વના અભ્યાસમાં પ્રવેશ કરવા ઈચ્છનારાઓ માટે ખૂબ ઉપયોગી પુસ્તક.

અહીં જે નારકી સંબંધિત પરંપરાગત ચિત્રો આપ્યાં છે તે હવેના સમયમાં કેટલાં ઉપયોગી છે તે અંગે આ પ્રકારનાં પુસ્તકોના પ્રકાશકોએ નવેસરથી વિચાર કરવાનો સમય આવી ગયો છે.

## જય જિનેન્દ્ર પાઠશાળા

પ્રિય બાળદોસ્તો,

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે વેકેશનને થોડા જ દિવસો બાકી રહ્યા હશે. વેકેશન પૂરું થશે ત્યારે મોટા ભાગનાં બાળકો નવા ધોરણમાં જશે.

દોસ્તો, આ વેકેશનને તમે કઈ રીતે મનાવ્યું તે જાણવાની અમને બહુ જ તાલાવેલી લાગી છે. તો તમે અમને ખાસ જણાવશો કે આ વેકેશન તમે કેવી રીતે પસાર કર્યું.

બાળદોસ્તો, આ વખતે અમે તમારી માટે એક ખાસ સ્પર્ધાનું આયોજન કર્યું છે. તમારે એમાં ખાસ ભાગ લેવાનો છે. આમાં તમારે કોઈ ફી ભરવાની નથી.

તમે એક સરસ મજાનો પત્ર લખો.

આ પત્ર તમારે **'ભગવાન મહાવીરને ઉદ્દેશીને'** લખવાનો છે. છે ને મસ્ત આઈડિયા!

પત્ર બહુ 'લાંબોલચક' ન હોવો જોઈએ. વધુમાં વધુ તમે ૩૦૦ શબ્દો લખી શકો. શ્રેષ્ઠ પત્ર લખનારને મળશે જય જિનેન્દ્ર તરફથી એક આકર્ષક ગિફ્ટ.

આ વખતે તમને કોઈ ચોક્કસ સવાલ પૂછવાના બદલે અમે પત્ર-સ્પર્ધાનું આમંત્રણ આપી રહ્યા છીએ. ફૂલસ્કેપ કાગળની એક બાજુ સારા સુવાચ્ય અક્ષરોમાં પત્ર લખીને અમારા સરનામે રવાના કરો. પત્ર અમને મળી જવાની છેલ્લી તારીખ ૩૦ જૂન છે. પરિણામ ઑગસ્ટ, ૨૦૦૪ના અંકમાં જાહેર કરવામાં આવશે.

પત્રના મથાળે આવું શીર્ષક લખશો :

*'જત લખવાનું કે...'*

**આ શરત યાદ રાખજો :** પત્ર તમારે તમારી જાતે લખવાનો છે. 'કોઈની મદદ? નો પ્લીઝ!'

## ગયા અંકમાં પૂછેલા સવાલનો જવાબ

ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા મૂકનાર મંખલીપુત્ર ગોશાલક મરીને અચ્યુત દેવલોકમાં ગયો. આ એક આશ્ચર્યકારી બાબત છે. સામાન્ય રીતે તો આવું કાર્ય કરનારની દુર્ગતિ જ થાય એના બદલે તેની સદ્‌ગતિ થઈ.

આનું કારણ અમે અહીં પૂછ્યું હતું. તેના ઉત્તરો અમને બાળકો તરફથી મળ્યા છે. બધાં જ બાળકોનો સૂર એક સરખો જ છે.

ગોશાળાને પોતાની ઉત્તરાવસ્થામાં પોતાના આ અકાર્યનો ઘોર પસ્તાવો થયો. છેલ્લી ઘડીએ તો તેણે એટલો બધો પશ્ચાત્તાપ કર્યો કે જે કાર્ય માટે તેની દુર્ગતિ થવી જોઈએ તે ન થઈ. ઉપરથી તેની સદ્‌ગતિ થઈ.

બાળદોસ્તો, એક વાત યાદ રાખશો કે તેણે જે કુકર્મ આચર્યું હતું તેનું ફળ તો તેણે ભોગવવાનું બાકી જ છે. અત્યારે ભલે તેની સદ્‌ગતિ થઈ હોય, પણ કાળાન્તરે તેણે પોતાનાં કર્મો ભોગવવાનાં બાકી જ છે. આટલું ખાસ યાદ રાખજો.

આ છે સાચા જવાબો આપનારા બાળકો :

**ઋજવી પ્રણવભાઈ ચાલીસહજાર** (પાલડી, અમદાવાદ) **રાજવી રાજીવભાઈ ચાલીસહજાર** (વેજલપુર, અમદાવાદ), **શ્રદ્ધા અજિતભાઈ શાહ** (પાલેજ), **નેહા કિરીટકુમાર શાહ** (પાલેજ), **પ્રિયંકા બી. વોરા** (વાસણા, અમદાવાદ), **અનુરાધા મયંકભાઈ શાહ** (પાર્લા, મુંબઈ), **જિજ્ઞાસા પરાગભાઈ મહેતા** (વાસણા, અમદાવાદ), **કેતકી પી. શાહ** (વાસણા, અમદાવાદ), **તન્મય પરેશભાઈ** (પાલડી, અમદાવાદ), **પાર્થ ગૌરવભાઈ શાહ** (મણિનગર, અમદાવાદ), **શૈલ અશોકભાઈ શાહ** (શાહીબાગ, અમદાવાદ), **પૂજા હિતેનભાઈ** (અંધેરી, મુંબઈ), **છાયા પ્રણવભાઈ પારેખ** (પાર્લા, મુંબઈ), **કિંજલ આશુતોષ વોરા** (સાંતાક્રૂઝ, મુંબઈ).

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૫)

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~~

**એકેન્દ્રિય**=જેને માત્ર ત્વચા જ હોય તેવો જીવ.

**બેઇન્દ્રિય**=જેને ત્વચા ઉપરાંત જિહ્વા એટલે કે જીભ પણ હોય તેવો જીવ.

**તેઇન્દ્રિય**=જેને ત્વચા અને જિહ્વા ઉપરાંત નાસિકા એટલે કે નાક પણ હોય તેવો જીવ.

**ચઉરિન્દ્રિય**=જેને ત્વચા, જિહ્વા અને નાસિકા ઉપરાંત ચક્ષુ એટલે કે આંખ પણ હોય તેવો જીવ.

**પંચેન્દ્રિય**=જેને ત્વચા, જિહ્વા, નાસિકા અને ચક્ષુ ઉપરાંત શ્રોત્ર એટલે કાન પણ હોય તેવો જીવ.

**વિકલેન્દ્રિય**=પહેલા અને પાંચમા પ્રકારના જીવોને બાદ કરતાં બાકીના જીવો. અર્થાત બે, ત્રણ કે ચાર ઇન્દ્રિય ધરાવનારા જીવો.

**ઇન્દ્રિય**=સ્પર્શ, રસ, ગંધ, દૃશ્ય અને ધ્વનિનો અનુભવ કરનારૂં સાધન.

વનસ્પતિ વગેરે જીવોનો સમાવેશ એકેન્દ્રિયમાં થાય છે.

અળશિયાં, ઇયળ, કરમિયાં વગેરે જીવોનો સમાવેશ બેઇન્દ્રિયમાં થાય છે.

કીડી, મંકોડા, માકણ, ઉધઈ, જૂ વગેરે જીવોનો સમાવેશ તેઇન્દ્રિયમાં થાય છે.

માખી, મધમાખી, મચ્છર, ભમરા વગેરે જીવોનો સમાવેશ ચઉરિન્દ્રિયમાં થાય છે.

મનુષ્યનો સમાવેશ પંચેન્દ્રિયમાં થાય છે. તે ઉપરાંત ગાય, ભેંસ, હાથી, ઘોડો વગેરે ચોપગાં જાનવરો; કાગડો, કબૂતર, ચકલી, સમડી વગેરે પંખીઓ; મગરમચ્છ, કાચબો, માછલી વગેરે જળચારીઓ; આ બધાંનો સમાવેશ પણ પંચેન્દ્રિયમાં થાય છે. આ સિવાય દેવો અને નારકો પણ પંચેન્દ્રિય ગણાય છે.

### વિશેષ સમજૂતી

માત્ર સ્પર્શનેન્દ્રિય ધરાવનાર જીવ એટલે કે એકેન્દ્રિય જીવ સ્પર્શનો અનુભવ કરી શકે, પણ રસ, ગંધ, દૃશ્ય અને ધ્વનિનો અનુભવ ન કરી શકે.

આ જ રીતે બાકીની ઇન્દ્રિયો અંગે પણ સમજી લેવું.

**પ્રશ્ન** : ધારો કે કોઈ માણસ ખોડ-ખાંપણવાળો જન્મે અને તેને જન્મથી જ આંખો ન હોય તો તેને ચઉરિન્દ્રિય અથવા વિકલેન્દ્રિય કહી શકાય ને?

**ઉત્તર** : ન કહી શકાય. જે રીતે કોઈ માણસ પૂંછડી સાથે જન્મે તો તેને પશુ કહી શકાય નહીં, તેમ આવા ખોડ-ખાંપણવાળા માણસને ચઉરિન્દ્રિય કે વિકલેન્દ્રિય કહી શકાય નહીં. આ જ રીતે બીજી ઇન્દ્રિયોની ખામી અંગે પણ સમજી લેવું.

**પ્રશ્ન** : ધારો કે કોઈ ચઉરિન્દ્રિય જીવને ત્વચા, જિહ્વા, નાસિકા હોય અને આંખના બદલામાં કાન હોય એવું તો બની શકે ને?

**ઉત્તર** : ના, એવું પણ ન બની શકે. એકેન્દ્રિયાદિ જીવોને જે ઇન્દ્રિયો ઉપર શબ્દાર્થમાં જણાવી છે તે ક્રમે જ તે તે ઇન્દ્રિયો હોય. શરીરની ખામીના કારણે કોઈ ઇન્દ્રિયમાં કચાશ હોય તેમ બને પરંતુ એકના બદલામાં બીજી ન હોય.

**પ્રશ્ન** : શું એક પણ ઇન્દ્રિય ન હોય તેવા જીવો હોય ખરા?

**ઉત્તર** : જેઓ અશરીરી છે તેવા સિદ્ધો અતીન્દ્રિય હોય છે. બાકી જેને જેને શરીર હોય તેને ઓછામાં ઓછી એક અને વધુમાં વધુ પાંચ ઇન્દ્રિયો હોય. ટૂંકમાં ઇન્દ્રિયવિહીન દેહધારી જીવ ન હોય.

# જય જિનેન્દ્ર

'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષામાં ભાગ લેનારા પુણ્યવાનોને ખૂબ ખૂબ અભિનંદન. અમારા કાર્યાલય ઉપર જવાબપત્રોનો ભારે ખડકલો થઈ ગયો છે. પરીક્ષામાં ભાગ લેનારા પુણ્યવાનો, ખ્યાલ રાખશો કે આ પરીક્ષાનું રિઝલ્ટ ઓગસ્ટ માસના અમારા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે. આ અંક દરેક પરીક્ષાર્થીને (તે જય જિનેન્દ્રના સભ્ય હોય કે ન હોય) પહોંચતો કરવામાં આવશે.

બે વર્ષના ટૂંકા ગાળામાં જ પોતાની આગવી પહેચાન ઊભી કરનાર
જય જિનેન્દ્રને હજાર હજાર શુભકામનાઓ...
તે નિરંતર આગળ ને આગળ વધતું રહે અને
નિર્ભીકપણે પોતાનો અવાજ ફેલાવતું રહે એવી શુભેચ્છાઓ...

*

***ઝવેરી એન્ડ ઝવેરી***
મુંબઈ

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

કેટલાક લોકો અનુભવ પછી બોલવાનું ચાલુ કરે છે,
કેટલાક લોકો અનુભવ પછી બોલવાનું બંધ કરે છે!

●

**સ્પંદન**

મિટિયા ઓઢન મિટિયા બિછાવન મિટ્ટીકા સિહરાના;
ઈસ મિટિયાકો એક બૂત બનાએ અમર જાન લોભાના.

– *કવિ 'આનંદઘન'*

●

**ના હોય!**

**ડૉક્ટર શૈલુ :** 'તમારા ભાંગી ગયેલા પગના બદલામાં કૂતરાનો પગ બેસાડ્યા પછી હવે કેમ લાગે છે? કોઈ તકલીફ તો નથી ને?'

**અસ્તકીર્તિ :** 'આમ તો કોઈ તકલીફ નથી, પણ રસ્તામાં થાંભલો આવે ત્યારે પગ જરા ઊંચો થઈ જાય છે!'

### !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad